સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

(રજત જયંતી વર્ષ)

કોરોનાનો કહેર હવે હાહાકાર મચાવે છે
દોષ-ટોપી પ્રજાને પ્હેરાવી જાતને બચાવે !
પ્રચારના પૂરમાં ગાંડાતૂર બન્યા છે નેતાઓ -
બેફામ યમરાજ પણ દાંત કચકચાવે છે!
(હજુ વધશે ગભરાતા નહીં!! - રૂપાણી સાહેબ)

હાઈકુ

છે આકર્ષણ!
પાંજરે પૂર્યા છતાં -
સફેદ - વાઘ...
('રાજકોટ' નું દંપત્તિ)

લાગે છે આગ!
બધે જ સાધનોથી -
હોસ્પિટલોમાં
(છે રહસ્યમય)

ચિંતન

કદાચિદપિ ચરિત્રં ન લંઘેત્ ।

ઉપરોક્ત સૂત્ર ચાણક્ય સૂત્રમાંથી લેવામાં આવેલ છે.

ચારિત્ર્યનું ઉલ્લંઘન ક્યારેય ન કરવું જોઈએ.

કામ-ક્રોધ, મોહ-મમતા, લોભ- લાલસા, નશો આદિ મનની કમજોરીઓ છે અને મનુષ્યે ક્યારેય એને વશ ના થવું જોઈએ. માનવ-ચારિત્ર્યના આ સૌ સૌથી પ્રબળ શત્રુઓ છે. એમને વશ થવાથી ક્યારેક મોટી વિપત્તિઓનો સામનો કરવો પડે છે. આથી ચારિત્ર્યની લક્ષ્મણરેખા ક્યારેય ઉલ્લંઘવી ના જોઈએ.

ધનની હાનિ થાય તો થોડુંક નુકશાન થયું કહેવાય, તબિયત-તંદુરસ્તી બગડે તો થોડી વધારે હાનિ થઈ કહેવાય પણ જો ચરિત્ર્યની હાનિ થાય તો બધું જ ગુમાવ્યું કહેવાય - જીવનમાં, આચાર-વિચાર, સ્વભાવમાં જો ચારિત્ર્ય અને ચરિત્રનું નુકશાન થાય તો સર્વ વિનાશ થયો કહેવાય.

સુવિચાર

- દાન તો આત્માનો ગુણ છે,
  આત્માને પ્રફુલ્લિત બનાવ્યા વિના આપેલું દાન સાર્થક પણ નથી થતું - **એસ. ભટ્ટાચાર્ય**
- જેણે મને જગતમાં મોકલ્યો છે એ જીવનયાત્રામાં મારી સાથે જ છે
  એણે મને એકલો છોડી દીધો નથી - **દાદા ભગવાન**
- બીજાને દુઃખી કર્યા વિના જો 'મોટા' બની શકાતું નથી તો જાતે દુઃખી થયા વિના
  'મહાન' બની શકાતું નથી - **જીવન પાથેય**
- પોતાનું દુઃખ અને સામાનું સુખ જ દેને અધિક લાગતા હોય એને
  સ્વસ્થ રાખવો અશક્ય છે - **ફાધર વાલેસ**
- પ્રેમના હાથી પર બેસી જાઓ, દ્વેષના કૂતરાઓ કાંઈ જ કરી નહીં શકે - **રોહિત શાહ**
- માણસને સત્સંગમાંથી વિવેક જાગે તો પછી 'અભાવ' નું દુઃખ નહીં થાય - **મોરારિ બાપુ**
- આજનું ઔષધ : ઘઉં અને ચણા સાથે ૧૫ મિનિટ ઉકાળી તેમાં ચપટી સૂરોખાર નાખી એ ઉકાળો પીવાથી પથરી ભાંગીને ભૂકો થઈ નીકળી જાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

સંત માધવદાસની ગંગા કિનારે કથા ચાલતી હતી. એક ભાઈએ માધવદાસને પૂછ્યું, 'સ્વામીજી, તમે હંમેશા કહ્યું કે જીવ, જગત, જડ, ચેત, પાણી, પવન બધામાં શ્રી હરિ વ્યાપકરુપે રહેલા છે. તો પછી આ સામે ગંગાનું પાણી આપણને પાણી તરીકે દેખાય છે? ઝાડ પાન છે તે પણ ઝાડ પાન રુપે જ દેખાય છે અને શ્રી હરિ આપણને કેમ દેખાતા નથી? તમે એમ પણ કહ્યું છે કે સંસારનાં બધા જ જીવો ઈશ્વરનાં અંશ છે.' સંત માધવદાસે કહ્યું, 'હા, ભાઈ આપણે સૌ ભગવાનના અંશ માત્ર જ છીએ.' પેલા ભાઈએ ફરી પૂછ્યું. 'ભગવાન તો અંતર્યામી છે. એ બધી વાત જાણી શકે છે. આપણે ભગવાનના અંશ હોઈએ તો એમની જેમ અંશમાત્ર વાત પણ કેમ નથી જાણી શકતા ??' જવાબમાં માધવદાસજીએ કહ્યું, 'જો ભાઈ, સામે ગંગામાં તરતી પેલી હોડી દેખાય છે? એ હોડી ગંગાજળમાં તરે છે ને ? જેમ આ મારા કમંડળમાં પણ મેં ગંગાજળ ભર્યુ છે. તો અકમંડળમાં એ હોડી તરી શકશે?' પેલોભાઈ 'એવું કેમ શક્ય બને?' સંત માધવદાસે કહ્યું, 'કેમ ન બની શકે? ગંગાજળમાં ત્યાં પણ છે અને આ કમંડળમાં પણ છે જ ને?' પેલા માણસે કહ્યું, 'એ ખરું, પરંતુ ત્યાં ગંગાજળ અપાર છે અને આપના કમંડળમાં તો અલ્પ પ્રમાણમાં છે.' માધવદાસએ કહ્યું, 'મારું પણ એ જ કહેવું છે કે ઈશ્વર અમાપ છે, જીવ અલ્પ છે, ઈશ્વર સર્વજ્ઞ હોય છે અને જીવ અલ્પજ્ઞ હોય છે. ભગવાને એવી માયા રચી છે કે જીવ ભૂલભૂલૈયામાં પડી જાય છે. પુત્ર જેમ પિતાનો અંશ છે તેમ જીવ પણ ભગવાનનો અંશ છે.'

દવા માટેનો વિવાદ ટાળીએ...

તંત્રીસ્થાનેથી...

સુરતમાં કોરોના ઉપદ્રવે માઝા મૂકતાં આખું શહેર મૃત્યુના ઓથાર નીચે થરથરે છે. અમદાવાદ, વડોદરા કે રાજકોટમાં પણ પરિસ્થિતિ કાબૂ બહાર જઈ રહી છે. આવા વિકટ સંજોગોમાં કોવિડ-૧૯ના દરદીઓ માટે કારગત રેમડેસેવિર સારવાર મેળવવા દરદીઓના સગાસંબંધી કલાકો લગી કતારો લગાવીને ઊભેલા જોવા મળે છે. આ ઈંજેકશનો સરકારે પૂરાં પાડવા જોઈએ પરંતુ દરદીઓની માગ સામે પુરવઠો ઓછો હોઈ પહોંચી વળાતું નથી. આવા સંજોગોમાં કોઈ પણ સોર્સ મારફત જીવનરક્ષક દવા મળી શકતી હોય તો મેળવી લેવા માટે પડાપડી થાય જ. હોસ્પિટલો તથા નેતાઓ માટે પણ એ પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની રહે. એમાં ક્યારેક સ્પર્ધાનો ભાવ પણ દેખાય અને ટીકાપાત્ર પણ બની રહેવાય. આખરે મહત્વ જીવ બચાવવાનું જ હોવું ઘટે. સીમ્સ જેવી એકલદોકલ અપવાદરુપ હોસ્પિટલોમાં એના તજજ્ઞ તબીબોએ કોરોનાની બીજી લહેર આવવાની શક્યતાને ધ્યાને લઈ સો જેટલા બેડ અને એ મુજબના ઓક્સિજન તથા વેન્ટિલેટર ઉપરાંત જરૂરી દવાઓનો જથ્થો સાચવી રાખ્યો હોય, બાકી ઉતાવળે કોવિડ હોસ્પિટલમાં ફેરવાયેલ ખાનગી હોસ્પિટલો તો આ મોંઘામૂલા ઈન્જેકશનો મેળવવાની જવાબદારી દરદી પર જ નાકથી રહી છે. એક તરફ જયાં આવી સારવાર મફત અપાતી રહે છે એવી સરકારી હોસ્પિટલોમાં પોતાનાં બીમાર સ્વજનોને દાખલ નહીં કરવાનું વલણ રહ્યા કરતું હોય અને બીજી તરફ પ્રાઈવેટ હોસ્પિટલોમાં આવાં ઈંજેકશનોનો જથ્થો કિંમત ચૂકવવા છતાં ન મળી રહેતો હોય ત્યારે કેવી અંધાધૂંધી સરજાઈ શકે તે છેલ્લા કેટલાક દિવસો દરમિયાન પ્રજાએ જાતે જોયું છે અને વેઠ્યું છે. સરકાર માટે આવી દવા ઉપલબ્ધ કરાવવી તે નૈતિક ફરજ બની રહે છે. સરકાર એ મુદ્દે ખૂબ જાગ્રત પણ છે. પરંતુ કોરોનાએ જે રીતે બેફામ ઉપાડો લીધો છે એમાં તમામ પ્રયત્નો પછી પણ પ્રજામાં અસંતોષ જ રહે તે સ્વાભાવિક છે. તંત્ર ઊંઘતું ઝડપાઈ રહ્યું હોય એવાં દૃશ્યો મીડિયા પર ચમકતાં રહે છે. એથી પાર્ટીના કાબેલ પ્રદેશ પ્રમુખે સુરતના અને નવસારીના દરદીઓ માટે પોતાનાં સ્ત્રોતો મારફત પાંચ હજાર ડોઝ રેમડેસેવિર ઈંજેકશનો ઉપલબ્ધ કરાવી પ્રજાને મફતમાં વહેંચવાનું શરું કર્યું ત્યારે તંત્ર અને શાસક પાર્ટી સામસામી છાવણીમાં વહેંચાઈ ગયાં હોય એવું વાતાવરણ સરજાયું હતું. ખુદ મુખ્યમંત્રી મીડિયાને જવાબ આપતાં મૂંઝાઈ ગયા અને સરકાર પાસે નથી તો પાટીલ પાસે આ ઈંજેકશનો ક્યાંથી આવ્યાં, એવા સવાલનો જવાબ ટાળતાં એમને કહેવું પડ્યું હતું કે એ પાટીલને પૂછો. અલબત્ત, આખરે તો પાટીલે જે પહેલ કરી તે દરદીઓના હિતમાં જ હતી. મુખ્યમંત્રીએ પણ તાબડતોબ ગુવાહાટીથી એર લિફ્ટ કરીને રેમડેસેવિર ઈંજકશનોનો માતબર જથ્થો સુરત પહોંચાડી દરદીઓને સમયસર જરૂરી સારવાર મળી રહે એવી વ્યવસ્થા કરાવી ત્યારે વિવાદ આગળ વકરે તે પહેલાં જ ઘીના ઠામમાં ઘી પડી ગયું છે. જો કે રેમડેસેવિર ઈંજેકશનોના કાળાબજાર થતા હોવાની વાતો પણ સતત થતી રહે છે. વળી, સ્વજનોના જીવ બચાવવા રઘવાયા થઈ ગયેલા પરિવારજનો રાતદિવસ લાઈનો લગાવતાં હોવાના દૃશ્યો પણ ગુજરાત જેવા પ્રગતિશીલ રાજય માટે શરમજનક જ લેખાશે. ગુજરાત અત્યંત કપરી પરિસ્થિતિમાં મુકાઈ ગયું છે અને 'ડૂબતું તરણું ઝાલે' એ ન્યાયે કોરોના સામે જીવ સટોસટની લડાઈમાં પ્રજા હોમાઈ રહી હોય એવો જ માહોલ સરજાવા પામ્યો છે.

ગુજરાત ચિકિત્સા સંસ્થા રજીસ્ટ્રેશન અને નિયમન અધિનિયમ

ગુજરાત નર્સિંગ હોમ રજીસ્ટ્રેશન અધિનિયમ, ૧૯૪૯

કાયદો અને કાનૂન

અશ્વિન ત્રિવેદી

ગુજરાત નર્સિંગ હોમ રજીસ્ટ્રેશન અધિનિયમ, ૧૯૪૯ રદ કરીને આરોગ્ય સેવાના ઉદ્દેશો સિધ્ધ કરવા માટે ગુજરાત ચિકિત્સા સંસ્થા રજીસ્ટ્રેશન અને નિયમન અધિનિયમ, ૨૦૨૧ પુનઃઅધિનિયમિત કરવાનું વિધેયક તાજેતરમાં જ ગુજરાત વિધાનસભામાં બહુમતીથી પસાર કરવામાં આવ્યું છે. જેથી હવે આ ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ થી રાજ્યના તમામ ચાલુ તથા નવા શરૂ થનાર હોસ્પિટલ, નર્સિંગ હોમ, લેબોરેટરી વિગેરેના રજીસ્ટેશન ફરજીયાત કરવામાં આવ્યા છે.

ખાનગી હોસ્પિટલો દ્વારા ઉતરતી કક્ષાની આરોગ્ય સેવા, બોગસ ડિગ્રી વગરના ડોક્ટરો, તાલિમ વગરના નર્સિંગ સ્ટાફ તેમજ નિયત ફી કરતા વધારે રકમ વસૂલ કરતા પ્રાઈવેટ હોસ્પિટલોની ફરીયાદનું નિરાકરણ લાવવા માટે ગુજરાત સરકાર આ વિધેયક લાવી છે.

દર્દીના હિત માટે સંવેદનશીલ નિર્ણય ગુજરાત સરકારે કરેલ છે. કોરોના જેવી વૈશ્વિક મહામારીમાં વિસ્તાર દીઠ ડોક્ટરોની સંખ્યા તથા સંબંધિત ટેકનીકલ સ્ટાફ અને સાધનોની માહિતીથી કોરોના સામે વધુ સારી રીતે લડી શકાય તથા જનતાના આરોગ્યને વધુ સારી રીતે ધ્યાન રાખી શકાય તે માટે આ બિલ રજુ કરવામાં આવ્યું છે.

હાલમાં જાહેર તથા ખાનગી એમ બંને ક્ષેત્રોથી જનતાના આરોગ્યનું ધ્યાન રાખવામાં આવે છે તથા વધારે સારી સવલતો આરોગ્યલક્ષી પુરી પાડવાનું ગુજરાત સરકારનું અભિયાન છે.

કેન્દ્ર સરકારે ૨૦૧૦માં ક્લિનીકલ એસ્ટાબ્લિસમેન્ટની રૂપરેખા તૈયાર કરેલ જે ધ્યાને લઈ આ અધિનિયમ પસાર કરવામાં આવ્યો છે. જે અંગે રાજયોએ તેમાં સુધારા વધારા કરી આ કાયદાનો અમલ કરવાનો રહેશે.

આ અધિનિયમથી ખાનગી હોસ્પિટલમાં પ્રેક્ટીકલ કરતા ડૉક્ટરો તથા લાયકાત વગરના ડૉક્ટરો ઉપર નિયંત્રણ મૂકાશે. રાજ્યમાં આવેલા તમામ ક્લિનીકલ તથા હોસ્પિટલો, નર્સિંગ હોમની ડિઝીટલ નોંધણી અને વ્યવસ્થિત રીતે માહિતીનું એકત્રીકરણ કે જે નિતિ ઘડતર તથા આરોગ્યને લગતા જોખમો, રોગચાળા ઉપર નિયંત્રણ અને વધારે સારી રીતે દેખરેખ રાખી ત્વરીત પગલા ભરી શકાય તે માટે આરોગ્ય સુવિધાઓનો વ્યાપ વધે અને જાહેર જનતા જોઈ શકે તે રીતે પારદર્શિતા રહેશે. દરેક ક્લિનીકલ એસ્ટાબ્લિસમેન્ટમાં ઉપલબ્ધ સેવાઓ સગવડો અને દરો સરળતાથી આમ નાગરિક જોઈ શકશે. જેથી અકસ્માત, પ્રસૂતિ વગેરેનું વધુ સારૂં મેનેજમેન્ટ થઈ શકશે. તમારા રાષ્ટ્રીય આરોગ્ય કાર્યક્રમનું અસરકારક અમલીકરણ થશે. ખાનગી દવાખાનાઓ અને હેલ્થ ઈન્શ્યોરન્સ કંપનીઓ દ્વારા રજુ કરતા તંદુરસ્ત પ્રણાલીઓ અસરકારક રીતે અટકાવી શકશે. ખોટા પ્રમાણપત્રો આપી રકમ પડાવતી હોસ્પિટલ ઉપર નિયંત્રણ મૂકશે. ખાનગી દવાખાના અને હેલ્થ ઈન્સ્યોરન્સ કંપનીઓ દ્વારા રજુ કરતા ખોટા સર્ટીફીકેટ ઉપર નિયંત્રણ મૂકશે.

સ્ટાન્ડર્ડ ટ્રીટમેન્ટ તથા ન્યુનતમ ધોરણો નક્કી કરવામાં આવશે. રાજ્યમાં પ્રવર્તતા બિમારીના પ્રકાર અને પ્રમાણ જાણી શકશે. જે રાજ્યોની આરોગ્ય અંગેની નિતિ ઘડવામાં અગત્યનું પરિબળ રહેશે. લાયકાત ધરાવતા વ્યક્તિઓ, સંસ્થાઓ દ્વારા જ ક્લિનીકલ એસ્ટાબ્લિઝમેન્ટ ચલાવવાની જોગવાઈના કારણે ડિગ્રી વગરના ડૉક્ટરો તથા ઓછી લાયકાત ધરાવતા ડૉક્ટરો પર અસરકારક નિયંત્રણ મેળવી શકાશે, લાયકાત ધરાવતા તજજ્ઞો અને સહાયક સ્ટાફ માટે રાજગારીની તકોમાં વધારો થશે. જેથી વિદ્યાર્થીઓની તબિબિ શિક્ષણ અને સંલગ્ન અભ્યાસમાં રૂચી વધે તેવા પ્રયત્નો કરવામાં આવશે. નવી મેડિકલ કોલેજોને માન્યતા આપવામાં આવશે. મેડિકલ સીટોમાં વધારો કરવામાં આવશે તથા ફાયર એન.ઓ.સી. વગરની ખાનગી હોસ્પિટલો ઉપર નિયંત્રણ મુકવામાં આવશે. દર્દિના જાનમાલનું સંપૂર્ણ રક્ષણ કરવાની જવાબદારી હોસ્પિટલોની રહેશે. તેને આગ અકસ્માત સાથે વિમાકીય રક્ષણ પુરૂં પાડવામાં આવશે. આ અધિનિયમની રાજ્યની આરોગ્યલક્ષી સેવાનું સ્વાસ્થ્ય તંદુરસ્તી સારી જણવાશે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
info@trivediassociates.in

દિલમાં દીવો કરો, રે દીવો કરો....

WhatsApp ઓફ ધી વીક

નેહલ ગઢવી

દિલમાં દીવો કરો, રે દીવો કરો,
કૂડા કામ ક્રોધને પર હશે, રે' દિલમાં દીવો કરો...!

આજના આ સમયમાં જયારે આપણે બિમારી, રોગચાળો અને ભયંકર મહામારીનો સામનો કરી રહ્યા છીએ ત્યારે આપણા અંતરમનમાં એક ડોકિયું કરવાની જરૂર વર્તાઈ રહી છે. આપણે છાપામાં, ટીવામાં, મોબાઈલ પર, સોશિયલ મીડિયામાં બધે જ જોઈ રહ્યા છીએ કે બહાર 'મોતનું તાંડવ' ચાલી રહ્યું છે! દુનિયાને અત્યારે ખરેખર સમતામાં કઈ રીતે રહેવું અને સકારાત્મક અભિગમ શી રીતે જાળવવો એ શીખવવાની તાતી જરૂરિયાત વર્તાઈ રહી છે. વર્ષો પહેલાં શ્રી ચંદ્રવદન મહેતાએ લખેલી વાત આપણને આજના આ સમયમાં વિચારમાં મૂકી દે તેવી છે :

પુનર્નિર્માણ કરવાનો વિચાર કરતાં દરેક વખતે એક જ પ્રશ્ન થાય કે શરૂઆત ક્યાંથી કરવી ?

આપણે એક જ દૃષ્ટિબિંદુ લઈએ, આ એક ક્ષેત્ર વિશે વિચારીએ : વહેમ, ભૂત-ડાકણ, ખોટા રિવાજ, એ જાણીતા વિષયમાં નવેસરથી રચના કરવાની હોય તો ક્યાંથી કરવી ?

એકડેએકથી. એટલે કે નર્મદ, નવલરામ, દુર્ગારામ મહેતાજીના જમાનામાં જે રૂઢિ, વહેમ વગેરે હતાં, તેવાં જ આજે છે. ના, મારા નમ્ર મતે વધારે બલવત્તર થયાં છે. ત્યારે ભૂત આવતાં, પણ ખૂનો નહોતાં થતાં. ત્યારે માતા દેખાતાં, પણ ગળેફાંસો નહોતો દેવાતો. આજે પણ વહેમ એટલો જ પ્રબળ છે. નર્મદ જમાનામાં કોઈએ પૃથ્વીનો પ્રલય થશે એવું જાહેર કરેલું, એટલે લોકોએ જાગરણ કર્યા હતાં. ૧૯૬૦માં એવી જ અફવા ચાલી હતી, ત્યારે ડાકોરમાં અને બીજાં શહેરોમાં લોકો પાદર ઉપર નાસી ગયાં હતાં. કંઈક પંચગની જેવા હિલસ્ટેશન પર દોડી ગયો હતાં. સો-દોઢસો વરસના સુધારા પછી પણ અફવાઓ આપણે એટલી જ શ્રદ્ધાથી માનીએ છીએ.

ભૂત-માતાના કિસ્સાઓમાં સાસુ-નણંદ-ભાભી, વર-જેઠ-સસરો સૌ પોતપોતાનાં મમત્વ કબૂલ કરાવવા, સ્વાર્થ સાધવા ખૂનરેજી સરજવા સુધી પાછી પાની કરતાં નથી. વહેમના માર્યા ખૂન નહીં તો આપઘાતની પરંપરા પણ એટલી છે. દર વરસે સ્ત્રીઓએ કરેલા આપઘાતની સંખ્યામાં પણ આપણી બુદ્ધિને જાગ્રત નથી કરી. બે જુદી જાતનાં પરણી જતાં, એક જ વર્ણમાં પેટાજાતિમાં લગ્ન થતાં 'ઊહાપોહ', 'હાહાકાર' મચી જતો હજી ચાલુ છે. હજી સ્ત્રીઓની પાનીમાંથી કંક ખર્યાના દાખલા નોંધાયા જાય છે. એક-બે જણને આવી વાત કરી, તો કહે છે કે બીજા દેશોમાં પણ આવા વહેમના દાખલાઓ તો બને જ છે. બીજા દેશમાં વહેમનાં મૂળ ઊંડાં હોય, એટલે આપણે પણ રાખવાં !

બાળલગ્ન-પ્રતિબંધ કાયદો છે, છતાં બાળલગ્નો દર સાલ થાય છે, ઉઘાડે ચોક થાય છે, સમાજ આવું થવા દે છે. એટલે, સમાજને સધરવું નથી. એવા સમાજને સુધારવાનો છે. સમાજ જે હતો તેવો જ છે. થોડાંક ઘરોમાં સધારો દેખાય છે, પણ ભીતરમાં તો એવી જ પરિસ્થિતિ પ્રવર્તે છે. એટલે કામ કરનારાએ એકડે એકથી જ શરૂઆત કરવાની છે. ઘણાંએ ઘણું કર્યું છે. તેની ઉપર પાણી ફરી વળ્યું છે એમ સમજીને જ નવેસરથી શરૂઆત કરવાની છે.

તટસ્થ રીતે, આવેશ વગર, રૂઢિથી પર, તાર્કિક રીતે, સમતોલપણે, ધર્મ-કોમ-ન્યાત વગેરેથી પર જઈ સારાસારનો, સમસ્ત સમાજની પુનર્રચનાનો વિચાર ક્યારે થઈશું? થઈશું ખરાં?

Last Seen :

દવ રે લાગ્યો ને ખંડો સળગિયા, સળગ્યા સાગર ને આભ;
બળ્યાં રે શે'રો ને બળિયાં ગામડાં, સારે સંસારે લા'ય...
બળે રે મહેલો ને બળતાં ઝૂંપડાં, સળગે મોટાં ને બાળ;
ઊભાં રે સળગાવી દૂરે જે બધાં, થાતી સહુનો એ કાળ.
બુઝવી શકે ન એને રાજવી, કોઈ નહીં વા કુબેર;
એક રે સૌ થાયે અદના આદમી, ત્યારે અટકે એ કેર.

- પ્રહલાદ પારેખ
- nehalgadhavi101@gmail.com

કોરોનાગ્રસ્ત એકાંતવાસને કઈ રીતે સાર્થક બનાવી શકાય?

નવી સવાર

રમેશ તન્ના

એકાંતવાસ એટલે જાત સાથે વાત કરવાની રળિયામણી ઘડી.
એકાંતવાસ એટલે કેટલાક દિવસનું અનુષ્ઠાન.
એકાંતવાસ એટલે મનવાસ. પોતાના મનથી નિકટ જવાની મંગલમય તક.
એકાંતવાસ એટલે ઘરને ચાહવાની અણધારી લાગેલી લોટરી.
એકાંતવાસ એટલે ઘરના સભ્યો સાથે રહેવાનો અને તેમને સમજવાનો લાગેલો જેકપોટ.
એકાંતવાસ એટલે ઘરની બાલ્કની (ઝરુખો)માં ઠરીને બેસવાનો અવસર.
એકાંતવાસ એટલે ઘરની બારીઓના ખુલ્લાપણાને આત્મસાત કરવાનો તકાદો.
એકાંતવાસ એટલે એકલા રહેવાનો રિયાઝ.
એકાંતવાસ એટલે જિંદગીને નિરપેક્ષ રીતે સમજવાનો પ્રયાસ.
એકાંતવાસ એટલે એકલા એકલા મનની સ્લેટ પર જિંદગીનો એકડો ઘૂટવાનો આયાસ.
એકાંતવાસ એટલે કોઈની સાથે રહીને એકલા રહેવાનો મિજાજ.
એકાંતવાસ એટલે ઘરની અંદર રહીને આખા આકાશમાં ઉડવાનો રુઆબ.

એકાંતવાસ એટલે પાછળ નજર કરીને અત્યાર સુધી વીતેલી જિંદગીના પ્રયોજનનું રિર્ટન ફાઈલ કરવાનો ઉપક્રમ.
એકાંતવાસ એટલે જિંદગીના રાગને સૂરીલો કરવાનો લાગ.
એકાંતવાસ એટલે થઈ ગયેલી ભૂલોનું કડક અને તટસ્થ રીતે આકલન કરવાના સંજોગ.
એકાંતવાસ એટલે જિંદગીના મેઘધનુષ્યના ઝાંખા પડેલા રંગોને ચમકાવવાનું ટાણું.
એકાંતવાસ એટલે ઢીલા પડેલા સંબંધોને મજબૂત કરવાનો મોકો.
એકાંતવાસ એટલે અંદર તરફ જવાનો પ્રયાસ.
એકાંતવાસ એટલે નિવાસમાં નિવાસ કરવાની પ્રભુએ કરેલો હુકમ.
એકાંતવાસ એટલે પ્રીતની રીતને ઉજળી કરીને સમય પર મેળવાની જીત.

- **કોરોનાને કારણે આપણે બધાએ શક્ય તેટલો એકાંતવાસ માણવાનો છે. એકલું રહેવું અઘરું છે, પરંતુ ક્યારેક જરુરી પણ હોય છે.**
- **આપણને કુદરતે આપેલા એકાંતવાસનો આ રહ્યા કેટલાક અર્થ... જો આ બધા અર્થ સમજાઈ જાય તો એકલું રહેવાનું સરળ થઈ શકે.**

એકાંતવાસ એટલે પ્રકૃતિ અને પર્યાવરણને જાણે-અજાણે આપણે કરેલા નુકશાન અંગે દિલગીરી વ્યક્ત કરવાનો સમય.
એકાંતવાસ એટલે ઘરમાં રહેવા છતાં ઘરથી થઈ ગયેલા અંતરને ભૂંસવાની મોસમ.
એકાંતવાસ એટલે અંદરના ખાલીપાને ચિંતનથી ભરવાનો વદાડ.
એકાંતવાસ એટલે જિંદગીના આલબમની એક-એક તસવીરને માણવાનો તાસ.
એકાંતવાસ એટલે જાતમાં રહેવાનો પ્રયાસ.
એકાંતવાસ એટલે જાતને કુદરતના ચરણે ધરીને સુધરવાની કૃતજ્ઞતા.
એકાંતવાસ એટલે ઘરને આઈ લવ યુ કહેવાનો અને ઘરના સભ્યો સાથે આઈ લવ યુ જીવવાની ઋતુ.
એકાંતવાસ એટલે આપણી પ્રાચીન પરંપરાઓ અને સંસ્કૃતિને નવેસરથી સમજીને તેની સાથે ઓનલાઈન થવાનું ડુરેશન.
એકાંતવાસ એટલે જિંદગીની હાર્ડડિસ્કને ફોરમેટ કરીને જિંદગીના નવા સોફ્ટવેર્સને ઈન્સ્ટોલ કરવાનું કુદરતે આપેલું જજમેન્ટ.
એકાંતવાસ એટલે માપસરનાં સાધનો અને સગવડ સાથે જિંદગી જીવવાનો નિયતિનો ઈશારો.
એકાંતવાસ એટલે પથારો સંકેલીને ઓછો કરવાનો કુદરતનો ચુકાદો.
એકાંતવાસ એટલે થીંક ગ્લોબલી, એક્ટ લોકલીના મંત્રને અમલમાં મૂકવાનો સુવર્ણ મોકો.
એકાંતવાસ એટલે દરેક બાબતમાં માપસર રહીને વાયરસથી દૂર રહેવાનો સંકેત.
એકાંતવાસ એટલે આખા ઘરને ગાઢ આલિંગન કરીને તેને આત્મસાત કરવાની રળિયામણી ઘડી.
એકાંતવાસ એટલે બધાંની સાથે રહીને એકલા રહેવાનો જાદુ.
એકાંતવાસ એટલે નજીકના લોકો ખરેખર કેટલા નજીક છે તેનો ટેસ્ટ કરવાનો મળેલો ચાન્સ.

એકાંતવાસ એટલે આપણે કોણ છીએ ? આપણે શા માટે છીએ ? આપણે ખરેખર છીએ ? એની શોધયાત્રા કરવાનું ઈશ્વરે આપેલું એસાઈન્મેન્ટ.
એકાંતવાસ એટલે બીજાનો વિચાર કરીને પોતાની જાત પહોંચવાનો કાળ.
એકાંતવાસ એટલે મન અને હૃદયમાં શુ શું ખોટું ભરેલું છે તે ખોળી કાઢવાનો મળેલો અવકાશ.
એકાંતવાસ એટલે મનના ખૂણે-ખૂણા અને ઘરના ખૂણે-ખૂણાને જોડવાનો સમય ખંડ.
એકાંતવાસ એટલે આપણા ઘરનો ઝરુખો અને બીજાના ઘરનો ઝરુખો વાતો કરે તેને કાન દઈને સાંભળવાનો આચાર.
એકાંતવાસ એટલે આખા ઘરને હૃદયમાં ભરીને, તેને વાટીને, તેને પરોટીને, તેને લસોટીને, તેના એકએક અણુને માંજીને આખા વિશ્વ પર છાંટી દેવાનો થયેલો અગમ્ય બોધ.
એકાંતવાસ એટલે એકાંતને સમૂહમાં સમજીને પરસ્પરમાં વાસ કરવાની નિશાની.
એકાંતવાસ એટલે અત્યાર સુધી આપણા દ્વારા બોલાયેલા તમામ શબ્દો પર મૌનનો અભિષેક કરવાનો ઉત્સવ.
એકાંતવાસ એટલે 'હું' કેટલો નાનો છે અને 'અમે' કેટલો મોટો છે તેનો હિસાબ મેળવવાનો પ્રયત્ન.
એકાંતવાસ એટલે ના જીવાયેલી જિંદગી સાથેનો વાર્તાલાપ.
એકાંતવાસ એટલે બાકી જિંદગી સાથે આજે થયેલી મુલાકાત.
અને છેલ્લે,
એકાંતવાસ એટલે ઘર સાથે ઘર જેવો સંબંધ બાંધવાનો ઈશ્વરે આપેલો અણમોલ મોકો...

છાંયડો:

માણસ એકલો રહી શકતો નથી અને સમૂહમાં સખણો રહી શકતો નથી.